## બારડોલી વોર્ડ નંબર ૩માં પાણી ભરાવાની સમસ્યાને લઈ ભાજપના ઉમેદવારોનો ઉધડો લેવાયો

# ‘તમે પાંચ વર્ષ ક્યાં હતા?’: રહીશો

**જેનિષ** ભંડારી સહિતના ઉમેદવારોની હાલત ‘કાપો તો લોહી ન નીકળે’ તેવી થઈ





બારડોલી: બારડોલી નગરપાલિકાના વોર્ડ નંબર ૩માં શાસક પક્ષ ભાજપ માટે કપરા ચઢાણ સાબિત થઈ રહ્યા છે. ગત રાત્રે પ્રચાર અર્થે નીકળેલા ભાજપના ઉમેદવારો અને કાર્યકરોને સ્થાનિક રહીશોના ભારે રોષનો સામનો કરવો પડ્યો હતો. ખાસ કરીને વિવાદાસ્પદ ઉમેદવાર જેનિષ ભંડારીને ટિકિટ આપવા મામલે મતદારોમાં પહેલેથી જ નારાજગી હતી, જે હવે ખુલ્લેઆમ વિરોધ સ્વરૂપે બહાર આવી રહી છે.

વોર્ડ નંબર ૩માં સમાવિષ્ટ ડી.એમ. નગર, એમ.એન.પાર્ક અને એસ.કે. પાર્ક જેવી સોસાયટીઓમાં જ્યારે ભાજપની ટીમ મત માંગવા પહોંચી ત્યારે લોકોએ તેમને બરાબરના ખખડાવ્યા હતા. રહીશોનો મુખ્ય આક્ષેપ એ છે કે છેલ્લા પાંચ વર્ષથી ચોમાસા દરમિયાન આ વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની ગંભીર સમસ્યા પ્રવર્તે છે. અનેક રજૂઆતો છતાં સત્તાધીશોએ આ બાબતે કોઈ નક્કર કામગીરી કરી નથી. મુશ્કેલીના સમયે ગાયબ રહેતા નેતાઓ ચૂંટણી આવતા જ વોટ માંગવા ઘરે-ઘરે પહોંચતા લોકોનો ગુસ્સો આસમાને પહોંચ્યો હતો.

સ્થાનિકોએ નેતાઓનો ઉધડો લેતાં ભાજપના કાર્યકરો અને જેનિષ ભંડારી સહિતના ઉમેદવારોની હાલત ‘કાપો તો લોહી ન નીકળે’ તેવી થઈ ગઈ હતી. સત્તાના જોરે અત્યાર સુધી પ્રજાની અવગણના કરનારા નેતાઓ માટે જનતાના આક્રોશ વચ્ચે ટકી રહેવું મુશ્કેલ બન્યું હતું. આ ઘટનાને પગલે ભાજપ સંગઠનમાં પણ ફફડાટ ફેલાયો છે. વોર્ડના વિવિધ વિસ્તારોમાં થઈ રહેલા સતત વિરોધને કારણે હવે ભાજપ માટે પ્રચાર કરવો પણ દુષ્કર બની રહ્યો છે. મતદારોનો આ મિજાજ આગામી ચૂંટણીના પરિણામો પર કેવી અસર પાડશે તે જોવું રહ્યું.

# વડોલીના ગ્રામજનોમાં ભાજપ વિરોધ મતદાન કરવાનો સૂર

**ગ્રામજનોની** મળેલી બેઠકમાં સ્થાનિક ઉમેદવારને ટિકિટ નહીં અપાતા રોષ

**‘ભાજપના** કોઈપણ નેતાએ ગામમાં પ્રવેશ કરવો નહીં’ બેનર લગાવાયા



બારડોલી: સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીઓને લઈને રાજકીય માહોલ ગરમાયો છે, ત્યારે બારડોલી તાલુકાના વડોલી ગામમાં ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલા ઉમેદવારના વિરોધમાં બ્યુગલ ફૂંકાયું છે. વડોલી બેઠક પર પક્ષ દ્વારા લેવામાં આવેલા નિર્ણયથી નારાજ સ્થાનિકોએ એકઠા થઈને ભાજપ વિરુદ્ધ મતદાન કરવાનો સૂર પોકાર્યો છે, જેના કારણે સંગઠનમાં ખળભળાટ મચી ગયો છે.

વડોલી ગામના રામજી મંદિર ખાતે ગામના તમામ આગેવાનો અને ગ્રામજનોની એક અગત્યની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભાજપ દ્વારા વડોલી બેઠક પર છીત્રા ગામના હેમંતસિંહ બારડને મેન્ડેટ આપવાના નિર્ણયનો સખત વિરોધ કરવામાં આવ્યો હતો. ગ્રામજનોની સ્પષ્ટ માંગ હતી કે આ બેઠક પર વડોલી ગામના જ કોઈ સ્થાનિક ઉમેદવારને ટિકિટ આપવામાં આવે. જોકે, પક્ષ દ્વારા આ માગણી સ્વીકારવામાં ન આવતા ગ્રામજનોએ આક્રમક વલણ અપનાવ્યું છે.

બેઠકમાં સર્વાનુમતે નિર્ણય લેવાયો છે કે આગામી ચૂંટણીમાં ભાજપ વિરોધી પાર્ટીને જીતાડવા માટે જ ગામના તમામ લોકો મતદાન કરશે. એટલું જ નહીં, ગ્રામજનોએ પોતે જ નહીં પણ પોતાના સગા-સંબંધીઓને પણ ભાજપ વિરુદ્ધ મતદાન કરવા માટે સમજાવવાનું નક્કી કર્યું છે. ગામમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને ગામના પ્રવેશદ્વાર પર ‘ભાજપના કોઈપણ નેતાએ ગામમાં પ્રવેશ કરવો નહીં’ તેવા બેનરો અને બોર્ડ પણ લગાવી દેવામાં આવ્યા છે.

સ્થાનિક ઉમેદવારની અવગણના થતાં વડોલીના ગ્રામજનોએ એકસંપ થઈને પક્ષને પાઠ ભણાવવાનું નક્કી કર્યું છે. ચૂંટણીના આરે ઊભેલા આ વિરોધ પ્રદર્શને રાજકીય ગણિતો બગાડી દીધા છે. હવે જોવાનું એ રહેશે કે ભાજપના મોવડી મંડળ દ્વારા આ નારાજગીને દૂર કરવાના પ્રયાસો થાય છે કે પછી વડોલી ગામનો આ વિરોધ ચૂંટણી પરિણામોમાં પરિવર્તિત થાય છે.

# ભાજપમાં વિરોધ: આદિવાસી મોરચાની રાજીનામાની ચીમકી

**કામરેજ-2** પર સ્થાનિકના નામનું મેન્ડેટ છતાં બહારના બિનઆદિવાસીને આદિવાસી દાખલા પર ટિકિટ આપી હોવાનો આક્ષેપ, ફોર્મ પરત ખેંચવા ઉગ્ર માંગ



બારડોલી: ટિકિટ વહેંચણીને લઈને સુરત જિલ્લા ભાજપમાં વિખવાદ સમવાનું નામ નથી લઈ રહ્યો. મંગળવારના રોજ કામરેજ તાલુકા ભાજપ એસટી મોરચાના હોદ્દેદારો અને કાર્યકરો બારડોલી સ્થિત સુરત જિલ્લા ભાજપ મધ્યસ્થ કાર્યાલય ખાતે પહોંચ્યા હતા. તેમણે કામરેજ-2 પર આદિવાસી અનામત બેઠક પર સ્થાનિક આદિવાસી નેતાઓનું મેન્ડેટ હોવા છતાં બિનઆદિવાસીને આદિવાસીના દાખલા પર ટિકિટ આપી દેતાં વિરોધ કર્યો હતો. જો આ ઉમેદવારનું ઉમેદવારીપત્ર પરત ખેંચવામાં નહીં આવે તો જિલ્લાના તમામ આદિવાસી મોરચાના લોકો રાજીનામા ધરી દેશે એવી ચીમકી ઉચ્ચારવામાં આવતા સુરત જિલ્લા ભાજપ સંગઠનમાં ખળભળાટ મચી ગયો છે. સુરત જિલ્લા ભાજપ અધ્યક્ષ ભરત પટેલને તેમના પ્રશ્નોની રજૂઆત કરી હતી. તેમનો આક્ષેપ છે કે ભાજપ દ્વારા કામરેજ-2 આદિજાતિ એસ.ટી. સામાન્ય બેઠક પર સ્થાનિક અને માજી તાલુકા પંચાયત સભ્ય નાનુભાઈ ગોવિંદભાઈ રાઠોડનું નામ પ્રદેશમાંથી આવેલા ભાજપની યાદીમાં હતું અને મેન્ડેટ પણ તેમના નામનો જ હતો. જો કે ફોર્મ ભરવાની છેલ્લી તારીખે તેમની જગ્યાએ આ બેઠક પર ભરતભાઇ શામળા (રબારી) નામના વ્યક્તિને ટિકિટ આપી દેવામાં આવી હતી. ભરતભાઇ ગીર બરડા, સોમનાથના આદિવાસી જાતીના દાખલા મેળવીને આ બેઠક પર ઉમેદવારી કરી હતી. તેઓનું કહેવું છે, આ હોદ્દા પર ટિકિટ મળવાથી સ્થાનિક આદિવાસીઓના અધિકાર છીનવવાનો ઇરાદો છે. આથી તેમણે ભરતભાઇને આપવામાં આવેલી ટિકિટનો સખત વિરોધ કર્યો હતો. અને આવતીકાલે ઉમેદવારીપત્રો ખેંચવાના આખરી દિવસે તેમનું ફોર્મ પરત ખેંચવામાં આવે તેવી માંગ કરી હતી. જો કે ભાજપ સંગઠન દ્વારા હાલ પૂરતું આ મામલે આશ્વાસન આપવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. જો આ મામલે કોઈ ઉકેલ નહીં આવે તો આગામી દિવસોમાં તમામ આદિવાસી મોરચાના હોદ્દેદારો અને કાર્યકરો રાજીનામા ધરી દેશે.

# ‘રૂપપુરામાં રાજકીય પક્ષોએ વોટ માટે પ્રચાર કરવા આવવું નહીં’




**વિકાસના** અભાવે સ્થાનિક ચૂંટણીના બહિષ્કારનો નિર્ણય

ડેડિયાપાડા: તિલકવાડાના રૂપપુરા ગામના ગ્રામજનોએ વિકાસના કામોમાં લાંબા સમયથી ચાલતી બેદરકારી સામે હવે ચૂંટણી બહિષ્કારનો મોરચો ખોલ્યો છે. છેલ્લાં ઘણાં વર્ષોથી રોડ, પાણી માટે નલ સે પાણી વિના, 108 એમ્બ્યુલન્સ સહિતની મૂળભૂત સુવિધાઓ માટે સતત રજૂઆત કરવા છતાં કોઈ પરિણામ ન આવતાં ગ્રામજનો દ્વારા ગામમાં બેનર લગાવીને આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચેતવણી આપી છે. ગામના વિવિધ વિસ્તારોમાં લગાવવામાં આવેલા બેનર પર સ્પષ્ટ લખાણ છે કે, “રૂપપુરા ગામમાં કોઈપણ રાજકીય પક્ષે વોટ માટે પ્રચાર કરવા આવવું નહીં.” ગ્રામજનોનું કહેવું છે કે જ્યાં સુધી તેમની સમસ્યાઓનું કાયમી સમાધાન નહીં થાય, ત્યાં સુધી તેઓ કોઈપણ પક્ષના ઉમેદવારને મત આપશે નહીં. સ્થાનિક ગ્રામજનોએ જણાવ્યું હતું કે, “અનેક વખત તાલુકા અને જિલ્લા કક્ષાએ રજૂઆત કરી, પરંતુ આજ સુધી રસ્તા ઠીક નથી થયા, પીવાનું પાણી મુશ્કેલીથી મળે છે અને 108 એમ્બ્યુલન્સની સુવિધા સમયસર ઉપલબ્ધ થતી નથી. હવે ચૂંટણીના સમયે જ આવીને વોટ માગવા કરતાં તેઓ સ્થાયી ઉકેલ લાવે તે જરૂરી છે.” ગામમાં હાલ ચૂંટણી બહિષ્કારનો માહોલ છે, અને ગ્રામજનોએ કોઈપણ રાજકીય નેતા કે કાર્યકર્તાને ગામમાં પ્રવેશ ન આપવાનો નિર્ધાર કર્યો છે. આ અંગે તંત્ર તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા મળી નથી, પરંતુ સ્થાનિક વહીવટી તંત્ર ગામના વિકાસના મુદ્દે સમીક્ષા કરી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે.

## ‘આપ પાર્ટીનું લોકોને ચણાના ઝાડ પર ચઢાવવાનું કામ’

**ડેડિયાપાડા: ચિકદા તાલુકામાં જાહેર થયેલા ઉમેદવાર વિનેશ વસાવાએ ‘આપ’ના નેતા દેવેન્દ્ર વસાવા પર ગંભીર આક્ષેપ કરી 60થી વધુ ટેકેદારો સાથે ભાજપમાં જોડાઈ ગયા છે. વિનેશ વસાવાએ કાર્યપદ્ધતિ પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી માત્ર લોકોને ચણાના ઝાડ પર ચઢાવવાનું કામ કરે છે. મારું નામ તાલુકા પંચાયતના ઉમેદવાર તરીકે સત્તાવાર જાહેર કરી દીધા બાદ, દેવેન્દ્ર વસાવાએ રાતોરાત મેન્ડેટ બદલી નાખ્યો અને પોતાના વહાલા-દવલાઓને ટિકિટ આપી દીધી. કાર્યકરોની મહેનતની પક્ષમાં કોઈ કદર નથી. દેવેન્દ્ર વસાવાની મનસ્વી નીતિને કારણે પક્ષમાં મોટું ભંગાણ પડ્યો હોવાનો સૂર સ્થાનિક લેવલે ચર્ચામાં છે.**

# રાજપીપળા પાલિકાની ભાજપની બે બેઠક બિનહરીફ

રાજપીપળા: રાજપીપળા નગરપાલિકાની 28 બેઠક માટે ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને અપક્ષ મળી કુલ 126 ફોર્મ ભરાયા હતા જેમાંથી 84 ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે અને 42 ફોર્મ અમાન્ય રાખવામાં આવ્યા છે. જેમાં ભાજપ પાર્ટીમાંથી 64 ફોર્મ ભરાયા હતા. જેમાંથી 28 ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે. કોંગ્રેસ પાર્ટીના 9માંથી 8 ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે. જ્યારે આપમાંથી 22 ફોર્મ ભરાયા હતા જેમાં 21 ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે. રાજપીપળા નગરપાલિકાના વોર્ડ નંબર 4 ના ઓબીસી કેટેગરીના ભાજપના મહિલા ઉમેદવાર નિધિ આદિત્ય પંચાલ તથા વોર્ડ નંબર 6 ના ઓબીસી કેટેગરીના ભાજપના મહિલા ઉમેદવાર શિવાની રાહુલ માછી સામે કોઈએ ઉમેદવારી ન નોંધાવતા બિનહરીફ થયા છે.

## નર્મદા ભાજપમાંથી સસ્પેન્ડ કરાયેલા 3 આગેવાનોની ઘરવાપસી

રાજપીપળા: નર્મદા જિલ્લામાં ભાજપના નવા જિલ્લા પ્રમુખ નીલ રાવ દ્વારા દાવપેચ ખેલવામાં આવી રહ્યા છે. નર્મદા સુગરની ચૂંટણીમાં ઘનશ્યામ પટેલનો વિરોધ કરવા બદલ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની સૂચનાથી સસ્પેન્ડ થયેલા સુનિલ પટેલને ફરી ભાજપમાં સામેલ કરાયા છે. સુનિલ પટેલની સાથે સોમા વસાવા અને દિનેશ બારીયાને પણ ‘શ્રી કમલમ’ ખાતે વિધિવત પુન:સ્થાપિત કરવામાં આવ્યા છે. જોકે, પાયાના કાર્યકરોમાં આ નિર્ણયથી અસંતોષ વ્યાપ્યો છે. હવે જોવું રહ્યું કે, આ નવા સમીકરણો ભાજપને જીત અપાવશે કે નારાજ કાર્યકરો ચૂંટણીના પરિણામો પર વિપરીત અસર પાડશે.

# પલસાણામાં ઓરીસ્સાથી લવાયેલો 1.60 કરોડના ગાંજા સાથે બે ઝડપાયા

**એસઓજી** પોલીસે કુલ રૂ.1.76 લાખની મતા કબજે કરી, ચાર વોન્ટેડ

પલસાણા: સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા નશાના કારોબાર સામે ચલાવવામાં આવી રહેલા ડ્રગ્સ વિરોધી કેમ્પેઈન હેઠળ એક મોટી સફળતા મળી છે. સુરત ગ્રામ્ય એસ.ઓ.જી. શાખાએ આંતરરાજ્ય ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કરી ૩૨૧.૭૭૪ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા છે. આ સમગ્ર ઓપરેશનમાં કુલ ૧,૭૬,૩૯,૬૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

સુરત જિલ્લા એસ.ઓ.જી. ની ટીમ પલસાણા ચાર રસ્તા પાસે વાહન ચેકિંગમાં હતી. આ દર મિયાન શંકાસ્પદ જણાતી ટ્રક (નંબર MH-20-GC-1026) ને રોકી તપાસ કરતા, તેમાં બનાવેલા ગુપ્ત ચોરખાનામાંથી ગાંજાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. ઝડપાયેલા આરોપીઓમાં ડ્રાઈવર સાહીલ રજાક પઠાણ (ઉં.વ.૨૧) અને ક્લીનર અફરોજ ઐયુબ પઠાણ (ઉં.વ.૨૨) નો સમાવેશ થાય છે, જે બંને મહારાષ્ટ્રના જાલના જિલ્લાના રહેવાસી છે. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ જથ્થો ઓરિસ્સાના ભુવનેશ્વર (ખુર્દા) નજીકથી આલોક નામના વ્યક્તિએ ભરાવી આપ્યો હતો. આ જથ્થો સુરતના સચિન થઈને વાસદ પહોંચાડવાનો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી ૧.૬૦ કરોડની કિંમતનો ગાંજો, ૧૫ લાખની ટ્રક, મોબાઈલ ફોન અને રોકડ રકમ કબજે કરી છે. આ ગુનામાં ટ્રક માલિક અરબાજ પઠાણ, જથ્થો પૂરો પાડનાર આલોક અને અન્ય મદદગારો સહિત કુલ ચાર વ્યક્તિઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

# ચોખાની બોરીની આડમાં લઈ જવાતો 1.37 કરોડનો દારૂ ઝડપાયો

**ગંગાધરા** એક્સપ્રેસ વે પર કન્ટેનર સાથે રૂ.1.58 કરોડની મતા કબજે, બે રાજસ્થાની ઝડપાયા

પલસાણા: સુરત જિલ્લા એલસીબીની ટીમને સંયુક્ત રાહે બાતમી મળી હતી કે, એક ટાટા ટ્રક કન્ટેનર (નં.આરજે 14 જીજી 4172)માં વિદેશી દારૂનો જથ્થો ભરીને ધુલિયા, સોનગઢ, બારડોલી થઈ પલસાણા એના એક્સપ્રેસ વેનું ટોલનાકું પસાર કરી વડોદરા તરફ જઈ રહ્યું છે. જે બાતમીના આધારે પોલીસની ટીમે ગંગાધરા ગામે વોચ ગોઠવી શંકાસ્પદ કન્ટેનર આવતા ચાલક અને ક્લીનરને ઝડપી પાડ્યા હતા. તપાસ કરતાં ચોખાની બોરીઓની આડમાં મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો છુપાવેલો હતો. પૂછપરછમાં આ દારૂ મહારાષ્ટ્રથી ભરાવી વડોદરા પહોંચાડવાનો હતો. પોલીસે કન્ટેનરમાંથી 28716 બોટલ વિદેશી દારૂ કિંમત રૂ. 1,37,58,000, કન્ટેનર રૂ.20 લાખ, બે મોબાઈલ ફોન કિંમત રૂ. 20 હજાર, ચોખાની બોરી કિંમત રૂ.80 હજાર મળી કુલ 1,58,59,350 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે કન્ટેનર ચાલક સુરેન્દ્ર રામપ્રકાશ પ્રજાપત (ઉં.વ.23, રહે., જોધપુર, રાજસ્થાન) અને ક્લીનર પ્રકાશ સૂખારામ ખેમાદા (ઉં.વ.28, રહે., જોધપુર, રાજસ્થાન)ની ધરપકડ કરી હતી. જ્યારે ત્રણને વોંટેડ જાહેર કરવામાં આવ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સોનગઢમાં ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતીની ભવ્ય ઉજવણી

સોનગઢ: ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની 135મી જન્મ જયંતી નિમિત્તે ધ બુદ્ધિસ્ટ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ટ્રસ્ટના સભ્યો અને નગરજનો દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પગુચ્છ અર્પણ કરી ભાવસભર પુષ્પાંજલિ અર્પવામાં આવી હતી. ત્યારબાદ, સોનગઢના મુખ્ય માર્ગો પર એક ભવ્ય રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં મોટી સંખ્યામાં ભીમ અનુયાયીઓ જોડાયા હતા. જય ભીમના નાદ સાથે સમગ્ર વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું.

### ડૉ. આંબેડકર જન્મ જયંતીએ અંકલેશ્વરમાં બહુજન સમાજ દ્વારા ભવ્ય રેલી નીકળી

અંકલેશ્વર: ભારતના બંધારણના ઘડવૈયા તથા સમાજ સુધારક ડૉ. ભીમરાવ રામજી આંબેડકરની જન્મ જયંતી નિમિતે અંકલેશ્વર શહેરમાં બહુજન સમાજ દ્વારા શ્રદ્ધાભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શહેરના જીનવાલા સ્કૂલ ખાતેથી ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ અંકલેશ્વર રેલવે સ્ટેશન નજીક આવેલી બાબાસાહેબની પ્રતિમા સુધી પહોંચી હતી. રેલી દરમિયાન “જય ભીમ”ના નારા સાથે સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો તથા સમાજના આગેવાનોએ બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમની વિચારધારા અને બંધારણ પ્રત્યેની સેવાઓને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## બાલ્દા નજીક બાઈક સાઈન બોર્ડ સાથે અથડાતાં ચાલકનું મોત, બેને ઈજા

બારડોલી: બારડોલીના બાલ્દા ગામે વઢવાણિયા ગામ તરફ જતાં રોડ અકસ્માતમાં બાઈકચાલકનું મોત નીપજ્યું હતું. વઢવાણિયા ગામે નવું ફળિયામાં રહેતો મહેશ ધીરુભાઈ હળપતિ (ઉં.વ.33) કડિયાકામ કરતો હતો. સોમવારની રાત્રિએ મોટરસાઈકલ (નં.જીજે 6 એમએફ 3684) પર બાલ્દાથી વઢવાણિયા જતાં માર્ગ પર મહેશ તેના મિત્રો વિજયભાઈ દેવસિંગભાઈ હળપતિ અને વિનોદભાઈ સુરેશભાઈ હળપતિ સાથે પસાર થઈ રહ્યો હતો. ત્યારે બાઈક રોડના કિનારે આવેલા સાઈન બોર્ડમાં ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં મહેશનું ગંભીર ઈજા થતાં સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે વિજય, વિનોદને સારવાર માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. બારડોલી ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


Milano MULTIPLEX

બારડોલી

Dhurandhar The Revenge

11:00am, 01:00pm, 03:30pm, 05:15pm, 08:00pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333



## ધી કીમ વિભાગ નાગરિક સહકારી ધિરાણ મંડળી લિ.

219, શ્રી સાંઇરામ કોમ્પ્લેક્સ બીજા માળે, મુ.પો. કીમ, તા. ઓલપાડ, જિ. સુરત.
ફોન. 98989 06217 (મેનેજર)

### બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીની ચૂંટણી અંગેની જાહેરાત

આથી મંડળીનાં તમામ સભાસદોને જણાવવાનું કે મંડળીના સને 2026 થી 2031 સુધી ના પાંચ વર્ષ માટે બોર્ડ ઓફ ડિરેક્ટરોની ચૂંટણી કરવાની હોય જેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે. જરૂરી માર્ગદર્શન માટે ઓફિસનો સંપર્ક કરવો.

### ચૂંટણી અંગેનો કાર્યક્રમ

| અ.નં | વિગત | તારીખ | સમય |
|---|---|---|---|
| 1. | મતદાર યાદી ની પ્રસિધ્ધિ | 20/04/26 | 11:00 થી 5:00 |
| 2. | મતદાર યાદીની વાંધા અરજી સ્વીકારવી | 22/04/26 | 11:00 થી 5:00 |
| 3. | મતદાર યાદીની છેવટની પ્રસિધ્ધિ | 24/04/26 | સવારે 11:00 કલાકે |
| 4. | ઉમેદવારી પત્રો આપવા / સ્વીકારવા | 26/04/26 | 11:00 થી 5:00 |
| 5. | ઉમેદવારી પત્રો સ્વીકારવા | 29/04/26 | 11:00 થી 5:00 |
| 6. | ઉમેદવારી પત્રોની ચકાસણી | 02/05/26 | 11:00 થી 5:00 |
| 7. | ઉમેદવારોની યાદીની પ્રસિધ્ધિ | 03/05/26 | સાંજે 5 કલાકે |
| 8. | ઉમેદવારી પત્રો પાછા ખેંચવા | 11/05/26 | 11:00 થી 5:00 |
| 9. | ઉમેદવારોની છેવટની યાદીની પ્રસિધ્ધિ | 13/05/26 | 11:00 થી 5:00 |
| 10. | ચૂંટણી પ્રતિકની ફાળવણી | 15/05/26 | 11:00 થી 5:00 |
| 11. | ચૂંટણી મતદાન તારીખ | 24/05/26 | સવારે 8:00 થી 4:00 |
| 12. | મતોની ગણતરી | 25/05/26 | સવારે 9:00 થી 4:00 |
| 13. | ચૂંટણીનું પરિણામ જાહેર | 25/05/26 | સાંજે 5:00 કલાકે |

મતદાનનું સ્થળ: કીમ જીન, કીમ (સમય સવારે 8 થી 4)

ચૂંટણી અધિકારીશ્રીઓ
1. સન્મુખભાઇ જી. ઢીંમર - 9825171629 - 9510471629
૨. જશવંતસિંહ પી. ખેર - 9925396979
3. સતિષભાઇ રમણભાઈ પટેલ - 9825608747

ધી કીમ વિભાગ નાગરિક સ.ધિ.મં.લિ.


## સુરત જીલ્લાના અબ્રામા તાલુકાના મોજે કઠોર ગામે આવેલ સર્વે નં. ૧૭૫, બ્લોક નં. ૧૫૨ ખાતા નં.૫ વાળી બીન ખેતી પ્રિ.પાત્ર જમીન બાબતે જાહેર નોટીસનો જાહેર જવાબ

આથી જાહેર જનતાને જણાવવાનું કે તા. ૧૩-૪-૨૦૨૬ ના રોજ ગુજરાત મિત્ર દૈનિક પેપરમાં મનિષકુમાર પી. જોષી એડવોકેટ સાહેબે મજકુર ઉપર જણાવેલી ખેતીની જમીન અંગે જે જાહેર નોટીશ પ્રસિધ્ધ કરાવેલી છે તે ખરી નથી અને જાહેર જનતાને ગેરમાર્ગે દોરનારી છે તથા તદન ખોટી હકીકતવાળી નોટીશ પ્રસિધ્ધ કરાવેલી છે આવી નોટીશ આપવાનો તેમના અસીલને કોઈ હક કે અધિકાર નથી. તેમના અસીલ સંતોષ નારણ કે નારણ વલ્લભનાઓ ઉપર જણાવેલી ખેતીની જમીનમાં કોઈ હક હિસ્સો ન હતો કે નથી. મજકુર જમીન હમારા અસીલના અગ્રહકધારી છગનલાલ દયારામ મોદી કે જેઓ કુટુંબના વડીલ તથા મોટા દિકરા થતાં હોય અને સયુંક્ત કુટુંબમા રહેતાં હોય જેથી તેઓને ગણોત હકકે પ્રાપ્ત થયેલી છે અને તે અંગે રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં. ૬૬૬ તથા ૬૬૭ થી નોંધ તા. ૨૮-૭-૧૯૬૧ ના રોજ પાડવામાં આવેલી છે. એટલુ જ નહિં પરંતુ મજકુર જમીનના હપ્તાની રકમ પણ હમારા અસીલના અગ્રહકધારી છગનલાલ દયારામ મોદીએ ભરીને ૩૨-એમ ના સર્ટીફીકેટથી સદરહું જમીનના માલિક મુખત્યાર તથા કબજેદાર બનેલાં છે. મજકુર નોંધ સામે આજદિન કોઈપણ ઈસમોએ વાંધા લીધેલ નથી અને મજકુર નોંધ આજદિન સુધી કાયમ રહેલ છે. એટલું જ નહિં પરંતુ ત્યાર બાદ નારણભાઈ વલ્લભભાઈનાએ નાયબ કલેકટર ઓલપાડ પ્રાંત સાહેબની કાર્ટમાં નં.ટેનન્સી/અપીલ નં. ૨/૨૦૦૩ ની દાખલ કરેલી જે તા. ૧૭-૮-૨૦૦૫ ના રોજ સમય મર્યાદા પરત્વે વિલંબ અને ગુણદોષના મુદ્દે કાયદા પરત્વે નામંજુર કરવા હુકમ કરવામાં આવેલ છે. જે વિરુધ્ધ નારણભાઈ વલ્લભભાઈનાએ કોઈ ઉપલી અદાલતમાં અપીલ કે રીવીઝનના પ્રકરણો કરેલા ન હોય અને મજકુર હુકમ ફાયનલ થઈ ગયેલ હોય જે વિરુધ્ધ નારણભાઈ વલ્લભભાઈ કે તેઓના વારસોને કહેવા કોઈ હક કે અધિકાર રહેલ નથી. મજકુર હમારા અસીલના અગ્રહકધારી છગનલાલ દયારામ મોદીએ તા. ૧૨-૮-૧૯૮૭ ના રોજ તેમના ભાઈ મગનભાઈ દયારામ મોદીના લાભમાં સદર વાદવાળી મિલકત અંગે એક વીલ અને વસીયતનામું પણ કરી આપેલ હોય અને તે આધારે તા. ૨૪-૧૨-૧૯૯૬ ના રોજ રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં. ૩૯૫૪ ની પાડવામાં આવેલ છે જે નોંધ પણ કોઈપણ રીતે આજદિન સુધી કોઈપણ ઈસમે ચેલેન્જ કરેલ નથી અને મજકુર નોંધ આજે પણ અકબંધ છે. ત્યાર બાદ મજકુર મગનભાઈ દયારામ મોદી ગુજરી ગયા બાદ હમારા અસીલો સીધીલીટીના વારસદાર તરીકે કોઈની કોઈપણ પ્રકારની રોક-ટોક વિના માલિક મુખત્યાર તથા કબજેદાર ચાલી આવેલા છે. આમ મજકુર જમીનમાં હમારા અસીલ ભીખુભાઈ મગનલાલ વિગેરેનો પ્રત્યક્ષ કબજો આજે પણ ચાલી આવેલો છે તથા માલિકી પણ ચાલી આવેલી છે. જેથી ઉપરોકત બિનખેતી પ્રિમીયમ પાત્ર જમીનના મૂળ માલિક નારણ વલ્લભનાઓ કે તેઓના સીધીલીટીના વારસદારો તરીકે સંતોષ નારણ ચાલી આવેલા તે વાત ખરી નથી. મજકુર જમીનના હમારા અસીલો કાયદેસરના માલિક મુખત્યાર કે કબજેદાર ચાલી આવેલાં છે જે વિરુધ્ધ સંતોષ નારણ કે નારણ વલ્લભનાઓને કહેવા કોઈ હક કે અધિકાર નથી.

ખોટા અને ગેરકાયદેસર રીતે છગનલાલ દયારામ મોદીનાઓ ગણોતીયા બનેલાં છે તે વાત ખરી નથી. હમારા અસીલના અગ્રહકધારી છગનલાલ દયારામ મોદીએ કાયદાની તમામ પ્રોસીજર પુરી કરી ૩૨-એમથી હપ્તાની રકમ ભરી માલિક મુખત્યાર તથા કબજેદાર બનેલાં છે. અને ત્યાર બાદ કાયદેસરની તમામ પ્રક્રીયાપુર્ણ કરી મગનભાઈ દયારામભાઈનું નામ દાખલ કરવામાં આવેલ છે. જેથી નારણ વલ્લભનાઓ કે તેઓના વારસોને પણ કોઈ હક કે અધિકાર મળતો નથી. જાહેર પેપરની નોટીશ સત્તારૂપી છે જેનો કોઈ અમલ કરી કરાવી શકાતો નથી. હમારા અસીલે કે તેઓના અગ્રહકધારીઓએ કોઈ લેન્ડ ગ્રેબીંગનો ગંભીર ગુનો કરેલ નથી. એટલું જ નહિં પરંતુ સીવીલ કોર્ટ રાહે કે રેવન્યુ કોર્ટ રાહે કાનુની કાર્યવાહી કરવાનો મજકુર નારણ વલ્લભના કે સંતોષ નારણને કોઈ હકક કે અધિકાર નથી. જેથી મજકુર નોટીશથી કોઈએ ભરમાવવું નહિં જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અસીલની સુચનાથી
ઓ: ૨૦૧, ૨૦૭, સંકલ્પ,
ચોકીશેરી, નાનપુરા સુરત.
તા. ૧૪-૪-૨૦૨૬

**પ્રશાંત હસમુખલાલ મોદી**
એડવોકેટ એન્ડ નોટરી
તે ભીખુભાઈ મગનલાલ વિગેરેના
એડવોકેટ